હવામાન	મહત્તમ	લઘુત્તમ
નવસારી	૩૬.૦° સે.	૨૦.૦° સે.
આહવા	૩૮.૦° સે.	૨૦.૦° સે.
વલસાડ	૩૬.૦° સે.	૨૦.૦° સે.
વાપી	૩૬.૦° સે.	૨૦.૦° સે.

ઐતિહાસિક હવાઈ પટ્ટીને પુનર્જીવિત કરવા ગુજરાત સરકારે પરસોલીમાં જ નવું એરપોર્ટ વિકસાવવાની યોજના ઘડી

પરસોલીમાં નવું એરપોર્ટ વિકસશે તો નવસારી જિલ્લાના વિકાસને ગતિ મળશે

સમૃદ્ધિના નવા યુગની શરૂઆત

1960 માં તત્કાલિન વડાપ્રધાન નેહરૂએ પરસોલીની જ એરસ્ટ્રીપ પર હેલિકોપ્ટર દ્વારા ઉતરાણ કર્યું હતું

અંદાજે 37 હેક્ટર જમીનને આવરી લેતું સૂચિત એરપોર્ટ નવસારી જિલ્લામાં માળખાકીય સુવિધાઓને વધારવાના વ્યાપક વિઝનનો એક ભાગ

નવસારી : હવે એર કનેક્ટિવિટી વધારવાના હેતુ સાથે નવસારી નજીકના પરસોલી ગામે નવું એરપોર્ટ વિકસાવવાની યોજનાથી નવસારી જિલ્લાના વિકાસને પણ વેગ મળશે. પરસોલી ગામ અને હવાઇ સફરનું ઇતિહાસ સાથે પણ કનેક્શન છે.

ગુજરાત સરકારે રાજ્યમાં વિકાસને ગતિશીલ કરવા માટે નવા 11 એરપોર્ટ વિકસાવવાની યોજના ઘડી છે. આ યોજના હેઠળ નવસારી નજીક પરસોલી ગામે પણ એક નવું એરપોર્ટ વિકસાવવામાં આવશે. યાદ રહે કે 1960 માં તત્કાલિન વડાપ્રધાન જવાહરલાલ નહેરૂએ નવસારીના પ્રવાસ માટે હવાઇ સફર ખેડી હતી. નેહરૂના પ્રવાસ માટે હવાઇ પટ્ટી પરસોલી ગામે જ બનાવવામાં આવી હતી. એ ઐતિહાસિક હવાઈ પટ્ટીને પુનર્જીવિત કરવાના હેતુથી ગુજરાત સરકારે પરસોલીમાં જ નવું એરપોર્ટ વિકસાવવાની યોજના ઘડી છે. આ એરપોર્ટ દક્ષિણ ગુજરાત માટે સમૃદ્ધિના નવા યુગની શરૂઆત કરશે.

ભારતના પ્રથમ વડાપ્રધાન સાથેની ટૂંકી મુલાકાત માટે ઈતિહાસમાં નોંધાયેલું પરસોલી ગામ હવે પરિવર્તન માટે સજ્જ થઇ રહ્યું છે. ગુજરાત સરકાર દ્વારા નિર્ધારિત અંદાજે 37 હેક્ટર જમીનને આવરી લેતું સૂચિત એરપોર્ટ નવસારી જિલ્લામાં માળખાકીય સુવિધાઓને વધારવાના વ્યાપક વિઝનનો એક ભાગ છે. આ પહેલ ફક્ત ઐતિહાસિક એરસ્ટ્રીપને પુનર્જીવિત કરવા પુરતી નથી, પણ તે ભવિષ્યના વિકાસને પ્રોત્સાહન આપવા માટે ઈતિહાસના એક ભાગને ફરીથી તાજો કરવા માટેની પણ છે.

નસીબ આડેનું પાંદડુ હટી જશે

આ યોજના હેઠળ લાંબા સમયથી એરોડ્રોમ માટે પસંદ કરાયેલી જમીન બંજર અને અવિકસિત છે. હવે, નવેસરથી ધ્યાન કેન્દ્રિત કરવા અને મુખ્ય ઉડ્ડયન હબ બનવાની સંભાવના સાથે, પરસોલીનું નસીબ આડેનું પાંદડુ હટી જશે એવી આશા જાગી છે. પરસોલી એરપોર્ટ એ વિકાસના એક વ્યાપક પ્રોજેક્ટમાંનો છે. આ પ્રોજેક્ટ હેઠળ મુખ્ય તીર્થધામો અને સાંસ્કૃતિક સ્થળો સાથે કનેક્ટિવિટી વધારાશે.

નવું એરપોર્ટ અને ટેક્સટાઇલ પાર્ક સ્થાનિક અર્થતંત્રને વેગ આપશે

યાદ રહે કે આ સૂચિત એરપોર્ટ સાઇટની બાજુમાં જ થોડા સમય પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગુજરાતના પ્રથમ અને સૌથી મોટા ટેક્સટાઇલ પાર્કનો શિલાન્યાસ નવસારીના વાંસી બોરસી ખાતે કરવામાં આવ્યો હતો. આ નવું એરપોર્ટ અને ટેક્સટાઇલ પાર્ક વચ્ચેની આ સિનર્જી સ્થાનિક અર્થતંત્રને વેગ આપવા, રોજગારી પેદા કરવા અને પ્રદેશની લોજિસ્ટિકલ ક્ષમતાઓને વધારવા માટે ઉપયોગી થઇ પડશે.

પુરુષોત્તમ રૂપાલાની ઉમેદવારી રદ નહીં થાય તો ભાજપ વિરૂધ્ધ મતદાનની ચીમકી

ક્ષત્રિય સમાજની લાગણી દુભાવતા રાજકોટ સાંસદ તરીકેની ઉમેદવારી રદ કરવાની નવસારી ક્ષત્રિય-રાજપૂત સમાજની માંગ

નવસારી, ધેજ, વાંસદા : લોકસભા ચૂંટણીના રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલા દ્વારા ક્ષત્રિય સમાજની લાગણી દુભાવવા બાબતે રાજકોટ સાંસદ તરીકેની ઉમેદવારી રદ કરવાની માંગ કરી નવસારી જિલ્લા સમસ્ત ક્ષત્રિય-રાજપૂત સમાજે નવસારી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું છે. ભાજપ તેમની ઉમેદવારી રદ નહીં કરે તો સમગ્ર દેશમાં ક્ષત્રિય સમાજ દ્વારા ભાજપ વિરૂધ્ધ મતદાન થાય તેવા પ્રયત્નો કરવાની ચીમકી પણ ઉચ્ચારવામા આવી છે. રૂપાલાના વિરોધમાં વાંસદા રાજપૂત સમાજે પણ વાંસદા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યુ હતું.

નવસારી જિલ્લા સમસ્ત ક્ષત્રિય-રાજપૂત સમાજે નવસારી જિલ્લા કલેક્ટરને પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, રાજકોટ લોકસભા 2024ની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલા દ્વારા એક કાર્યક્રમ દરમિયાન સમસ્ત રાજા રજવાડા વિષે કોમી ધાર્મિક લાગણી દુભાય અને સુલેહ શાંતિનો ભંગ થાય તે પ્રકારના રાજપૂત સમાજની બહેન-દીકરીઓ વિષે પ્રવચન આપ્યું છે. જે વિડીયો સોશ્યલ મીડિયામાં વાઈરલ થયા છે. જે વિડીયોમાં બે કોમ વચ્ચે વૈમનસ્ય ફેલાય તેવી ભાષાનો ઉપયોગ કરી રાજ્યમાં શાંતિ ડહોળવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ક્ષત્રિય ગિરાસદાર સમાજ વિષે અપમાનજનક ટીપ્પણી કરી છે. જેના લીધે સમગ્ર ક્ષત્રિય સમાજમાં પુરુષોત્તમ રૂપાલા પ્રત્યે રોષની લાગણી ફેલાઇ છે.

ગુજરાત અને સમસ્ત ભારતભરના સમસ્ત ક્ષત્રિય સમાજમાંથી 80 ટકા મતદાર ભાજપ તરફથી જ રહેતા હોય છે. રાજપૂત સમાજ હિંદુ અને કોઇપણ બહેન દીકરીઓની ઈજ્જત અને લાજ બચાવવા શહીદ થયાના હજારો ઉદાહરણ છે. રાજપૂત સમાજની મોટી સંખ્યા હોવા છતાં લોકસભા ચૂંટણીમાં એક પણ સીટ રાજપૂત સમાજના કોઈ ઉમેદવારને ભાજપ દ્વારા ફાળવી નથી. પરંતુ પુરુષોત્તમ રૂપાલા દ્વારા જે ટીપ્પણી સમાજના રજવાડાઓ અને બહેન-દીકરીઓ માટે કરવામાં આવી છે તે બાબતે રાજપૂત સમાજમાં રોષની લાગણી ફેલાઈ છે. જેથી રાજકોટ બેઠકની લોકસભા 2024ના ઉમેદવાર તરીકેની તેમની ઉમેદવારી રદ કરવાની માંગ કરી છે.

વિદ્યાર્થીઓની "PLEASE VOTE"ની માનવ આકૃતિની રચના

■ નવસારી : નવસારી જિલ્લાના જલાલપુર તાલુકાના કરાડી ગામે ભારત વિદ્યાલય ઇંગ્લીશ મીડીયમ શાળામાં આવનારી લોકસભા ચૂંટણી 2024ના જનજાગૃતિના ભાગરૂપે શાળાના આચાર્ય અને શિક્ષક મિત્ર દ્વારા બાળકો ચૂંટણી પ્રક્રિયા અંગે માહિતગાર બને તથા વિદ્યાર્થીઓના વાલીઓમાં મતદાન અંગે જનજાગૃતિ આવે તે અર્થે વિવિધ મતદાન જાગૃતિ અંગેની પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. તાજેતરમાં શાળાના પ્રાંગણમાં વિદ્યાર્થીઓ દ્વારા "PLEASE VOTE" શબ્દની વિશાળ માનવ આકૃતિ તૈયાર કરવામાં આવી હતી. જેને લઇ વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ ઉપરાંત મોક ચૂંટણી મતદાન મથક ઊભું કરી વિદ્યાર્થીઓને સમગ્ર ચૂંટણી પ્રક્રિયાની જાણકારી આપવામાં આવી હતી. આ સાથે ભારત વિદ્યાલય કરાડી ઇંગ્લીશ મીડીયમના પ્રાથમિક વિભાગ અને માધ્યમિક વિભાગના 200 વિદ્યાર્થીઓ દ્વારા જનજાગૃતિ રેલી કાઢી સુત્રોચ્ચાર દ્વારા મતદાન અંગે લોકજાગૃતિનું સરાહનીય કાર્ય કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા પોતાના હાથે કલાત્મક ગ્રીટીંગ્સ કાર્ડ તથા વિભિન્ન બેનરો, પોસ્ટરો વિદ્યાર્થીઓ દ્વારા જાતે તૈયાર કરી પ્રદાર્શિત કરાયા હતા. શાળામાં ચિત્ર સ્પર્ધા નિબંધ સ્પર્ધા તેમજ વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

'આજે કયો દિવસ છે,' કહી વિદ્યાર્થિનીને ચુંબન કરનાર નરાધમ શિક્ષકને 5 વર્ષની કેદ

ઉમરગામના શિક્ષકને વાપીની સ્પેશ્યલ કોર્ટે દોષિત ઠેરવી 5 વર્ષની કેદની સજા ફરમાવી

વાપી : વર્ષ ૨૦૧૮ની સાલમાં ધો.૬ માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીને 'આજે કયો દિવસ છે ? તેમ પૂછી ગાલ ઉપર ચુંબન કરનાર આરોપી નરાધમ શિક્ષકને વાપીની સ્પેશ્યલ કોર્ટે દોષિત ઠેરવી 5 વર્ષની કેદની સજા ફરમાવી છે.

આ કેસની વિગત એવી છે કે, ઉમરગામના ગાંધીવાડી વિસ્તારમાં આવેલી એક સ્કૂલમાં ધો.૬માં અભ્યાસ કરતી 13 વર્ષીય વિદ્યાર્થિનીને ગત 12/02/2018ના રોજ તેના શિક્ષક ઓમપ્રકાશ યાદવે અમુક બુક્સ લઈને સ્ટાફરૂમમાં બોલાવી હતી. આ વિદ્યાર્થિનીની સાથે તેની ક્લાસની સખી પણ સ્ટાફરૂમમાં આવી હતી. જોકે, શિક્ષક ઓમપ્રકાશે તેને પરત ક્લાસમાં મોકલી દીધી હતી. બાદમાં નરાધમ શિક્ષકે સ્ટાફરૂમમાં અન્ય કોઈ શિક્ષક ન હોઈ રૂમના દરવાજા-બારી બંધ કરી દીધા હતા. બાદમાં તેણે વિદ્યાર્થિનીને 'આજે કયો દિવસ છે..?' કહી પ્રશ્ન પૂછ્યો હતો. આ પ્રશ્નનો જવાબ સગીર વિદ્યાર્થિનીએ નહીં આપતાં, નરાધમ શિક્ષકે ઉભા થઈ તરત જ વિદ્યાર્થિનીના ગાલ ઉપર ચૂંબન કરી કહ્યું કે, આજે કિસ ડે છે. આ ઘટનાથી હેબતાઈ ગયેલી વિદ્યાર્થિનીએ તેના પરિવારમાં વાત કરતાં ઉમરગામ પોલીસ મથકે નરાધમ શિક્ષક ઓમપ્રકાશ યાદવ વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ હતી. જેમાં પોલીસે આરોપીને ઝડપી પાડી જેલમાં ધકેલી દીધો હતો. જે કેસની અંતિમ સુનાવણી વાપી કોર્ટમાં હાથ ધરાતા વાપીના પોક્સો ઍક્ટ હેઠળના સ્પેશ્યલ જજ એમ.પી. પુરોહિતે આરોપી શિક્ષક ઓમપ્રકાશ યાદવને ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલો ગ્રાહ્ય રાખી દોષિત જાહેર કર્યો હતો. જેમાં ત્રણ વર્ષની સખત કેદની સજા અને રૂપિયા ૩૦૦૦ દંડ અને જો દંડ ન ભરે તો વધુ છ માસની સાદી કેદની સજા, પોક્સો એક્ટની કલમ.૮ મુજબના ત્રણ વર્ષ સખત કેદની કેદની સજા અને રૂપિયા ૩૦૦૦ દંડ જો દંડ ન ભરે તો વધુ છ માસની સાદી કેદની સજા તથા પોકસો એક્ટની કલમ મુજબ પાંચ વર્ષની સજા અને રૂપિયા ૩૦૦૦ અને જો દંડ ન ભરે તો વધુ છ માસની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો. આરોપી રૂપિયા ૯૦૦૦ દંડ ભરે તો તે દંડની રકમમાંથી રૂપિયા ૮૦૦૦ ભોગબનનાર બાળકીને વળતર ચૂકવવાનો હુકમ પણ કરી ઉપરોક્ત આ તમામ સજાઓ એક સાથે ભોગવવાનો પણ હુકમ કરતા આરોપીને 5 વર્ષ કેદની સજા ફટકારી હતી.

સંક્ષિપ્ત સમાચાર

ચીખલીના દેગામની હાઈસ્કૂલ મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

નવસારી, ધેજ : ચીખલીમાં દેગામ ગામની બી.બી.દેસાઈ હાઈસ્કૂલ ખાતે મતદાર જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત 'VOTE 2024' આકૃતિ બનાવી અયૂક્ત મતદાન કરવાનો સંદેશો પાઠવવામાં આવ્યો હતો. નવસારી જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી તથા મામલતદાર કચેરી ચીખલી દ્વારા તાલુકાના દેગામ ગામે બી.બી.દેસાઈ હાઈસ્કૂલના સંયુક્ત ઉપક્રમે મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત શાળામાં અભ્યાસ કરતાં બાળકો અને શિક્ષકમિત્રો દ્વારા જૈવ વિઘટનીય પદાર્થ તરીકે વનસ્પતિના પર્ણો દ્વારા 'VOTE 2024'નો લોગો બનાવવામાં આવ્યો હતો. અને વિદ્યાર્થીઓએ અને શિક્ષકોએ માનવ સાંકળ બનાવી મતદારોને જાગૃત કરવાનો સરાહનિય પ્રયાસ કરતો સંદેશ આપ્યો હતો.

લોકસભાની ચૂંટણીને પગલે દાનહ-દમણ-દીવમાં 5 થી 8 મે અને 4 જૂનના રોજ ડ્રાય-ડે

દમણ : આગામી લોકસભાની ચૂંટણીને જોતા સંઘપ્રદેશ દાનહ-દમણ-દીવમાં દારૂના વેચાણ તથા તેના પીરસવા પર પ્રશાસને પ્રતિબંધ લગાવી ડ્રાય-ડે જાહેર કર્યો છે. લોકસભાની સામાન્ય ચૂંટણી આગામી 7 મે-2024ને મંગળવારે યોજઈ રહી છે. જ્યારે મત ગણતરી આગામી 4 જૂન-2024 ના રોજ હાથ ધરાશે. ત્યારે મતદાન અને મતગણતરીને ધ્યાન પર લઈ દાદરા નગર હવેલી અને દમણ-દીવ આબકારી જકાત નિયમ 2020ના નિયમ 111ના પેટા નિયમ (4) હેઠળ પ્રશાસન દ્વારા દારૂના ઉત્પાદન મથક, ડિસ્ટિલરી, તમામ વાઈન શોપ, બાર એન્ડ રેસ્ટોરન્ટ, દારૂ વેચતી તથા તેને પિરસતી તમામ હોટલોમાં 5 મે 2024 ના સાંજે 6 વાગ્યાથી 8 મે-2024 ના સવારે 9 વાગ્યા સુધી તથા 4 જૂન-2024 ના મતગણતરીના સમગ્ર દિવસ સુધી પ્રદેશમાં દારૂના વેચાણ તથા તેના પિરસવા પર પ્રતિબંધ લગાવાયો છે. જો કોઈ ઉપરોક્ત આદેશનું ઉલ્લંઘન કરતા પકડાશે તો પ્રશાસન કાયદેસરની કાર્યવાહી કરશે.

હત્યાનો 29 વર્ષથી વોન્ટેડ આરોપી હરીશ ઝડપાયો

પારડી : પારડી પોલીસ મથકના પીઆઈ જી.આર. ગઢવીની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન મળેલી બાતમીના આધારે 29 વર્ષથી નાસ્તો ફરતો હત્યાનો આરોપી આસમા ગામેથી ઝડપી પાડ્યો હતો. પારડી તાલુકાના આસમા ગામે રહેતો હરીશ બાબુ નાયકા ઘરે હાજર હોવાની બાતમી મળતા તાત્કાલિક પારડી પોલીસની ટીમ સ્થળ ઉપર પહોંચી હતી. મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના સફાલે પોલીસ સ્ટેશનમાં કલમ 302 હત્યા અને કલમ 324ના ગુનામાં વર્ષ 1995 એટલે 29 વર્ષથી વોન્ટેડ આરોપી હરીશ બાબુ નાયકા (રહે. આસ્મા તા.પારડી)ને પોલીસે ઝડપી પાડ્યો હતો. આરોપીએ 1995માં પાલઘરના સફાલેમાં પૈસાની લેતી-દેતીમાં હત્યા કરી હતી. આરોપીને સફાલે પોલીસ સ્ટેશનમાં સોંપવાની તજવીજ હાથ ધરી હતી.

કપરાડાના કાકડકોપરથી વાપી કંપનીમાં જવા નીકળેલી યુવતી ગુમ

વલસાડ : કપરાડા તાલુકાના કાકડકોપર, નિશાળ ફળિયા ખાતે રહેતી 30 વર્ષની હંસાબેન ભીખાભાઈ બસ્તા ગત 23 માર્ચ 2024ના રોજ સવારે 7.30 વાગ્યાની આસપાસ પોતાના ઘરેથી 'વાપી ખાતે કંપનીમાં કામ ઉપર જાઉં છું'એમ કહી ક્યાંક જતી રહી હતી. જેમની શોધખોળ કરવા છતાં કોઈ પત્તો લાગ્યો ન હતો. ગુમ થનાર હંસાબેન પાતળો બાંધો, શ્યામવર્ણ અને આશરે 5 ફૂટ ઈંચ ઉંચાઈ ધરાવે છે. તેમણે આછા લીલા કલરનો પંજાબી ડ્રેસ પહેરેલો હતો. તેઓ ગુજરાતી, હિન્દી અને કુંકણા બોલી જાણે છે. જે કોઈને પણ આ મહિલાની ભાળ મળે તો નાનાપોંઢા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા જણાવાયું છે.

ચાંદલામાં જવા માટે પત્નીએ ટુ વ્હીલર ગાડી નહીં આપતા પતિએ દવા ગટગટાવી

ધરમપુરના આસુરામાં આધેડે ફાંસો ખાધો, પીપરોળમાં યુવાને ઝેરી દવા ગટગટાવી

ધરમપુર : ધરમપુર તાલુકાના આસુરા તળાવ ફળિયા વિસ્તારના ઝવેરભાઈ છગન પટેલ (ઉવ.61) સુગર અને પથરીની બીમારીથી પીડાતા હતા. જેથી તેમણે કંટાળી જઈ બોરડીના ઝાડની ડાળીએ નાયલોનની દોરી વડે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. જ્યારે બીજા બનાવમાં પીપરોળ ગામે પત્નિ સંગીબેન દાહવડેએ નવી ટુ વ્હીલર ગાડી તેના પતિ હરેશ દાહવડ (ઉંવ.40) એ ચાંદલામાં જવા માટે માંગણી કરતાં સંગુબેનએ ટુ વ્હીલર ગાડીની નંબર પ્લેટ નહીં હોવાને કારણે ના પાડતા પતિ હરેશને માઠુ લાગી આવ્યું હતું. જેથી તેણે ક્ચરુ મારવાની દવા ગટગટાવતા હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડાયો હતો. ધરમપુર પોલીસે બંને કેસમાં આગળની કાર્યવાહી હાથ ધરી છે.

7/12-8-અ ની નકલ કાઢી આપવા લાંચ લેનારા બે કર્મચારી પકડાયા

ગણદેવી મામલતદાર કચેરીના ઇ-ધરાના બે કર્મચારી લાંચ લેતા બે એસીબીના છટકામાં રંગેહાથ ઝડપાયા

જુની સ્કેન કરેલી 7/12/8/અની નકલ કાઢી આપવા બે હજાર સુધીની માંગણી કરતા હતા

બીલીમોરા : ગણદેવી મામલતદાર કચેરીના ઇ ધરામાં મંગળવારે મોડી સાંજે રૂપિયા 500 ની લાંચ લેતા આઉટ સોર્સ કર્મચારી એસીબીના છટકામાં સપડાતા કર્મચારીઓમાં સોપો પડી ગયો હતો.

એ.સી.બી.ને ચોક્કસ માહિતી મળી હતી કે ગણદેવી મામલતદાર કચેરી ઇ ધરામાં જૂની સ્કેન કરેલી 7/12, 8-અ ની નકલો કાઢી આપવાના બદલામાં કચેરીમાં કામ કરતા અધિકારી, કર્મચારીઓ દ્વારા રૂપિયા 500 થી લઈને રૂપિયા 2 હજાર સુધીની ગેરકાયદેસર માંગણી થઈ રહી છે. જેના આધારે મંગળવારે છટકું ગોઠવાયું હતું. જેમાં જૂની સ્કેન કરેલી 7/12 અને 8-અ ની નકલો કાઢી આપવાના નકલ કઢાવનાર સાથે આરોપી કર્મચારીઓએ હેતુલક્ષી વાતચીત કરી લાંચની માંગણી કરી રૂપિયા 500 ની લાંચ સ્વીકારી હતી. જેને પગલે આરોપી અલ્પેશ અશોકભાઈ હળપતિ (ઉ. વ.31, કોમ્પ્યુટર ઓપરેટર (આઉટ સોર્સ), મામલતદાર કચેરી, ગણદેવી તા. ગણદેવી જિ.નવસારી) અને મનીષભાઈ રવજીભાઈ તલાવીયા (ઉ. વ.39, કોમ્પ્યુટર ઓપરેટર (પ્રજાજન), મામલતદાર કચેરી, ગણદેવી તા.ગણદેવી જી. નવસારી)ની ધરપકડ કરી હતી. એસીબીનાં પીઆઇ બી. ડી. રાઠવા અને સ્ટાફ, તેમજ સુપર વિઝન અધિકારી આર.આર. ચૌધરી, મદદનીશ નિયામક, એ.સી. બી. સુરતએ પ્રશંસનીય કામગીરી પાર પાડી હતી.

વલસાડના નનકવાડા તળાવ નજીકથી વૃદ્ધ મૃત હાલતમાં મળી આવ્યા

વલસાડ : વલસાડ શહેરની ગજાનંદ હોટલની બાજુમાં આવેલા જલારામ મંદિરની બહાર ફૂટપાથ ભીખ માંગતા આશરે 55 વર્ષીય વૃદ્ધ નનકવાડા દાભડિયા તળાવ પાસે કેટલાક સમયથી સુતા હતા. 21 માર્ચ સાંજે 5 વાગ્યા આસપાસ વૃદ્ધ કોઈ અગમ્ય બીમારીથી મૃત્યુ પામ્યા હતા. તપાસ કરતા મૃતકનું નામ બિલ્લાભાઈ જણાયું હતું. મૃતક બિલ્લાભાઈ પાતળો બાંધો, શ્યામવર્ણ અને આશરે 5 ફૂટ 6 ઈંચ ઉંચાઈ ધરાવે છે. તેમણે ખાખી જેવા કલરની મેલીઘેલી હાફ બાંયની ટી-શર્ટ અને ગ્રે કલરનું પેન્ટ પહેરેલું હતું. મૃતક વાલી વારસોની કોઈ ભાળ મળે તો વલસાડ સિટી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા જણાવાયું છે.

સરહદીય ચેકપોસ્ટ પર ડાંગ જિલ્લા પોલીસની રહેશે બાજ નજર

લોકસભાની ચૂંટણીને પગલે મહારાષ્ટ્રની સરહદે આવેલા ડાંગ જિલ્લામાં 13 ચેકપોસ્ટ કાર્યરત કરવામાં આવી

ગીરીશ ભોયે

સાપુતારા : લોકસભાની સામાન્ય ચૂંટણી-2024ને અનુલક્ષીને મહારાષ્ટ્ર રાજ્યની સરહદે આવેલા ડાંગ જિલ્લાનાં ચૂંટણી તંત્રએ 13 જેટલી ચેકપોસ્ટ શરૂ કરી ન્યાયી, પારદર્શક, અને તટસ્થ ચૂંટણી પ્રક્રિયાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. ડાંગ જિલ્લા ચૂંટણી અધિકારી મહેશ પટેલની રાહબરી હેઠળ, અને જિલ્લા પોલીસ અધિક્ષક યશપાલ જગાણિયાનાં માર્ગદર્શન હેઠળ,નાયબ પોલીસ અધિક્ષક એસ.જી.પાટીલ અને ટીમ દ્વારા, મહારાષ્ટ્ર રાજ્યને અડીને આવેલી સરહદ પર, દસ જેટલી ચેકપોસ્ટ કાર્યરત કરવાની સાથે, ત્રણ જેટલી આંતર ડિસ્ટ્રિક્ટ ચેકપોસ્ટ પણ કાર્યાવિન્ત કરી ચૂંટણીલક્ષી ચેંકિંગની કામગીરી શરૂ કરવામાં આવી છે. ડાંગ જિલ્લો ત્રણ તરફ મહારાષ્ટ્ર રાજ્યની હદ સાથે જોડાયેલો વિસ્તાર છે. જેથી અહી મહારાષ્ટ્રના નવાપુરની સરહદે (1) જામાલા ચેકપોસ્ટ, સાકરીની સરહદે (2) ઝાંખરાઈબારી ચેકપોસ્ટ, અને (3) નકટ્યાહનવંત ચેકપોસ્ટ, તથા નાસિકને અડીને આવેલી, (4) ચિંચલી ચેકપોસ્ટ, (5) કાંચનઘાટ ચેકપોસ્ટ, (6) સાપુતારા ચેકપોસ્ટ, (7) માળુંગા ચેકપોસ્ટ, (8) બરડા ચેકપોસ્ટ, (9) દગુનિયા ચેકપોસ્ટ, અને (10) બારખાંધ્યા ચેકપોસ્ટ ઉપર વન વિભાગના જવાનોની સાથે, ડાંગ પોલીસના ચુનંદા જવાનો કામગીરીમાં જોડાયા છે. ડાંગ જિલ્લાને અડીને આવેલા પાડોશી તાપી જિલ્લાની સરહદે ભેંસકાતરી અને બરડીપાડા ચેકપોસ્ટ, તથા નવસારી જિલ્લાની સરહદે વઘઇ ચેકપોસ્ટ પર પણ પોલીસ ચેકીંગની કામગીરી શરૂ કરવામાં આવી છે. જિલ્લા પોલીસ અધિક્ષક યશપાલ જગાણિયા તથા લો એન્ડ ઓર્ડરના નોડલ ઓફિસર એસ.જી.પાટીલે જાહેર જનતા, વાહન ચાલકોને સહયોગ આપવાની અપીલ અપીલ કરી છે.